| Published Date: | 20 Sep 2025 | Publication: | Jai Hind (Gujarati) [Ahmedabad] |
|---|---|---|---|
| Journalist: | Bureau | Page No: | 8 |
| Circulation: | 25,000 | | |

# ટાટા ઈન્ડિયા ડાયનેમિક ઈક્વિટી ફંડ લોન્ચ કરાયું

અમદાવાદ,તા.૧૯

ટાટા એસેટ મેનેજમેન્ટે વૈશ્વિક રોકાણકારોને ફંડ મેનેજમેન્ટ સર્વિસીઝનો વિસ્તાર કરવા અને તેમને ભારતના વાઈબ્રન્ટ ઈક્વિટી માર્કેટ્સની એક્સેસ પૂરી પાડવા માટે ગુજરાતના ગિફ્ટ સિટીમાં ઈન્ટરનેશનલ ફાઈનાન્સિયલ સર્વિસીઝ સેન્ટર (આઈએફએસસી) ખાતે બ્રાન્ચ શરૂ કરી છે. કંપનીને ટાટા ઈન્ડિયા ડાયનેમિક ઈક્વિટી ફંડ ગિફ્ટ આઈએફએસસી લોન્ચ કરવા માટેની મંજૂરી પણ મળી ગઈ છે. આ ફંડ મ્યુચ્યુઅલ ફંડ ઈક્વિટી સ્કીમ્સ અને એક્સચેન્જ-ટ્રેડેડ ફંડ્સ (ઈટીએફ)માં રોકાણ કરશે.

ટાટા એસેટ મેનેજમેન્ટ પ્રાઈવેટ લિ.ના સીઈઓ અને મેનેજિંગ ડિરેક્ટર પ્રથિત ભોબેએ જણાવ્યું હતું કે, ‘ભારત વસ્તીવિષયક, ડિજિટલ પરિવર્તન, ઈન્ફ્રાસ્ટ્રક્ચર પર ભાર અને આર્થિક ઔપચારિકીકરણ દ્વારા સંચાલિત અનેક દાયકાના વિકાસ ચક્રના શિખર પર છે.